ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શહેરના ઝૂંપડાવાસીઓ માટે અલગ મકાન બની રહ્યા છે

## ૪૦ જેટલા ભૂમાફિયાઓ સામે પગલાં લેવામાં આવ્યા છે : આનંદીબેન

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં ઝૂંપડાવાસીઓને મકાન આપવાના આયોજન અંગે ભાજપના શ્રી અશોક પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે જણાવ્યું છે કે આ ઝૂંપડાવાસીઓને અલગ મકાનો આપવાનું આયોજન રાજ્ય સરકારનું છે.

શ્રીમતિ પટેલે જણાવ્યું છે કે ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ આ મકાનો બનાવવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે અને ૫૦ ટકા ઉપરની કામગીરી ભૌતિક રીતે પૂર્ણ થઈ જવા પામી છે.

**વિધાનસભામાં ગાંધીનગર**

માર્ગ-મકાન મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ પાછળ રૂ. ૪૧.૩૪ કરોડનો ખર્ચ થઈ ચુક્યો છે અને મકાન તૈયાર થતાં જ તેની ફાળવણી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

**● ભૂમાફિયાઓ સામે અરજી**

ભાજપના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લા તકેદારી સમિતિ સમક્ષ ભૂમાફિયાઓ સામે પગલાં ભરવાની આવેલી અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં કુલ ૩૯૦ અરજીઓ તંત્રને મળી છે.

મહેસુલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે જણાવ્યું છે કે ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી ૧૮૫ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.

જે અરજીઓનો નિકાલ કરાયો છે તે પૈકી ૪૦ ઈસમો સામે પગલાં લેવામાં આવ્યા હોવાનું પણ મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં બારકોડ સિસ્ટમથી નાઈટ પોલીસ પેટ્રોલીંગ શરૂ

## કેટલીક આળસુ પોલીસ હવે ઘરે બેઠા બેઠા પેટ્રોલીંગનું લોકેશન નહી આપી શકે સે. ૭ પોલીસ સ્ટેશનનો પાયલોટ પ્રોજેક્ટ : ૫૪ સ્થળોએ બારકોડ સ્ટીકર લગાવાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં ઘરે બેઠા બેઠા ઓનેઓન પેટ્રોલીંગ કરતી પોલીસ હવે વાયરલેસ પર ખોટા લોકેશન આપી શકશે નહી. બારકોડ સીસ્ટમથી પોલીસ પેટ્રોલીંગનો પ્રોજેક્ટ સેક્ટર-૭ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં શરૂ કરી દેવામાં આવ્યો છે. જાહેર સ્થળો, બેન્ક, હોટલ, અંતરીયાળ સોસાયટીઓ સહીતના કુલ ૫૪ સ્થળો નક્કી કરીને સે. ૭ પોલીસે બારકોડ સ્ટીકર ચોંટાડ્યા છે. જેને પેટ્રોલીંગ કરી રહેલી પોલીસે ફરજીયાતપણે સ્કેન કરીને ત્યાં પેટ્રોલીંગ કર્યુ હોવાની હાજરી પુરાવવી પડશે. આ સિસ્ટમની અમલવારી થઈ જતાં હવે પોલીસે ના છુટકે અસરકારક પેટ્રોલીંગ કરવું જ પડશે. ઉલ્લેખનીય છે કે આ સિસ્ટમથી હવે ઘરફોડ ચોરીઓ સહિતના ગુનાઓ પર રોક લાગશે.

● અનુસંધાન પાન-૭ પર

# આખરે નવા શૌચાલયોના તાળા ખુલશે ગુડાને જવાબદારી સોંપાઈ

## નગરમાં લાખોના ખર્ચે બનાવાયેલા ૭ પે એન્ડ યુઝ ટોઈલેટ ટૂંકમાં લોકઉપયોગી બનશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં દાયકાઓ પૂર્વે બનાવાયેલા જાહેર શૌચાલયો જાળવણીના અભાવે ખંડેર બન્યા છે. અસામાજિક તત્વોનો અડ્ડો બનેલા શૌચાલયોમાં દૂષણો પાંગરી રહ્યા હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉદભવી છે. બીજી તરફ માર્ગ મકાન વિભાગ દ્વારા લાખોના ખર્ચે ઉભા કરાયેલા નવા શૌચાલયોને વર્ષોથી તાળા વાગેલા હોવાથી શહેરમાં અનેકવિધ પ્રશ્નો ઉદભવ્યા છે. નવનિર્મિત ૭ પે એન્ડ યુઝ ટોલેટ ગુડાને સોંપવા નિર્ણય લેવાયો હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

શહેરમાં દાયકાઓ પૂર્વે સેકટરોમાં જાહેર શૌચાલયો બનાવવામાં આવ્યા હતા. શહેરના સેકટરોમાં અંદાજિત ૩૦ જેટલા શૌચાલયોના નિર્માણ બાદ દાયકાના અંતે જાહેર શૌચાલયોની દરકાર ન લેવાતા બિસ્માર બનેલા શૌચાલયો જ ગંદકીનું ઉદભવસ્થાન બનતા સ્થાનિક રહીશો માટે પણ અનેકવિધ સમસ્યાઓ ઉદભવી છે. અનેક રજૂઆતોના અંતે પણ જૂન

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરાઓ હજુ ટ્રાફીક સિગ્નલથી ટેવાતા નથી

## ચ-૩ પાસે લગાવાયેલા ટ્રાફિક સિગ્નલને વાહનચાલકો અનુસરે તે માટે પોલીસને મહેનત કરવી પડે છે : ટ્રાફીક સિગ્નલ લગાવ્યા બાદ ટ્રાફિક જામની સમસ્યા વધી



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં વધી રહેલી ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા માટે શહેરના મુખ્ય માર્ગોના સર્કલો પર ટ્રાફિક સિગ્નલ લગાવવામાં આવ્યા છે. પરંતુ વસાહતીઓ તે પ્રમાણે ટેવાતા નથી. વાહનચાલકો ટ્રાફિક સિગ્નલની અવગણના કરતા હોવાથી ટ્રાફિક પોલીસને મેનેજમેન્ટ માટે ખુબ મહેનત કરવી પડે છે.

રાજયનું પાટનગર ખુબ ઝડપથી વિકાસ કરી રહ્યું છે. વાહનોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામની સમસ્યા વધી રહી છે. ખાસ કરીને ઓફિસ શરૂ થવાના સમયે અને ઓફિસ છુટવાના સમયે ટ્રાફિક ખુબ વધી જાય છે. ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા અને પોલીસ પરનું ભારણ ઓછું કરવા છેલ્લા કેટલાક સમયથી શહેરમાં ટ્રાફિક સિગ્નલ લગાવવાનું શરુ કરાયું છે. ચ-૩, ઘ-૩ અને સચિવાલય નજીક તો તે કાર્યરત પણ થઈ ગયા છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી ટ્રાફિક સિગ્નલ નિયમિત શરુ કરી દેવાયા છે. પરંતુ તેની ટેવ ગાંધીનગરના વસાહતીઓને ન હોવાથી તેઓ તેને ફોલો કરતા નથી અને આડેધડ વાહનો ચલાવે છે. ટ્રાફિક સિગ્નલની આદત વાહનચાલકોને પાડવા પોલીસને પરસેવો પાડવો પડે છે. વર્ષોથી ટ્રાફિક સિગ્નલ વગર ગાડી ચલાવવા ટેવાયેલા વસાહતીઓને તેની તકલીફ પડી રહી છે.

વળી ટ્રાફિક સિગ્નલ લગાવ્યા બાદ ટ્રાફિક જામની સમસ્યા વધુ ઘેરી બની હોય તેવું લાગી રહ્યું છે. ટ્રાફિક સિગ્નલ અનુસાર વાહનો ચલાવવાની ટેવ હવે વસાહતીઓએ પાડવી પડશે.

# રાજયકક્ષાના બહુમાળી મકાનનું કામ ૧૫ ઓગષ્ટ સુધી પૂર્ણ થશે

## સાત મજલાના તોતિંગ બિલ્ડીંગમાં પાર્કીંગ માટે બેઝમેન્ટ પણ બનાવાયું કેન્ટીન સહિત ફાયર ફાયટીંગ સિસ્ટમ લગાવાશે

ગાંધીનગર, તા. ૨૨

સે. ૧૧માં એમ.એસ. બિલ્ડીંગની બાજુમાં નિર્માણ પામતા નવા બહુમાળી મકાનનું કામ આગામી પાંચ મહિનામાં પૂર્ણ કરી દેવાશે. રાજયકક્ષાની તથા બંધારણીય કચેરીઓ માટે રૂ. ૬૦ કરોડના ખર્ચે ૭ મજલાના બિલ્ડીંગનું ૬૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. આધુનિક બિલ્ડીંગમાં બેઝમેન્ટ પાર્કીંગ તેમજ કેન્ટીનની સુવિધા પણ ઉપલબ્ધ કરાશે.


શહેરમાં અનેકવિધ વિકાસ કામોની સાથે સરકારી બિલ્ડીંગો પણ હાઈટેક બનાવવા નવા નવા કામો હાથ ધરવામાં આવે છે. જૂની સરકારી કચેરીઓને કોર્પોરેટ ટચ આપવા પણ કરોડોનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જ્યારે તોતિંગ ખર્ચ કરી નવા બિલ્ડીંગો બાંધવાનું કામ પણ હાથ ધરાયું છે. શહેરના 'ઘ' માર્ગ પર સ્થિત જૂની કલેક્ટર કચેરીની બાજુમાં રાજયકક્ષાની તથા બંધારણીય કચેરીઓ માટે ૭ મજલાનું બિલ્ડીંગ બાંધવાનું કામ પ્રગતિ હેઠળ છે. તા. ૧૦ એપ્રિલ વર્ષ-૨૦૧૨ દરમિયાન આ વિશાળકાય બિલ્ડીંગ બાંધવાનું

● અનુસંધાન પાન-૭ પર








**વેચવાના છે**

Gym (જીમ)ના સાધનો વેચવાના છે.

સંપર્ક

મો. : ૭૬૦૦૦૫૭૧૩૧

સમય : સાંજના ૩ થી ૬







ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com